**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૩.૮ ડીગ્રી
લઘુતમ : ૨૭.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૮ ટકા ● સાંજે ૭૩ ટકા

## આજે ગાંધીનગરમાં

### ધાર્મિક

● ગણેશોત્સવ નિમિત્તે સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા સે-૧૬ સોમનાથ મંદિર ખાતે રાત્રે ૮ કલાકે આરતી અને ૮.૩૦ કલાકે અશ્વિન જોષીનો મા-બાપને ભૂલશો નહિ કાર્યક્રમ યોજાશે.

● સાર્વજનિક ગણેશ મહોત્સવ નિમિત્તે સે-૨૨ રંગમંચ ખાતે રાત્રે ૮ કલાકે આરતી અને ૮.૩૦ કલાકે ગોલ્ડન એરા ઓફ કિશોરકુમારના ગીતોનો કાર્યક્રમ યોજાશે.

● સે-૩-ડી યુવક મંડળ દ્વારા ગણેશોત્સવ નિમિત્તે આરતી રાત્રે ૮ કલાકે ત્યારબાદ ઘનશ્યામ લખાણી દ્વારા હાસ્યવંતો ડાયરો યોજાશે.

● સાર્વજનિક ગણેશ મહોત્સવ સમિતિ સે-૨-સી દ્વારા ૯ કલાકે આરતી ત્યારબાદ ગાંધીનગરના વિવિધ ગૃપ દ્વારા ડાન્સ પ્રોગ્રામ યોજાશે.

● જય ગોગા યુવક મંડળ સે-૫-બી દ્વારા શોપિંગ સેન્ટર ખાતે રાત્રે ૭ કલાકે આરતી તથા ૮ કલાકે રાસ ગરબા યોજાશે.

● વિનાયક યુવક મંડળ સે-૫-બી દ્વારા રાત્રે ૮.૩૦ કલાકે આરતી તથા ૯.૩૦ કલાકે ધો-૪ થી ૧૨ના બાળકો માટે સ્લો સાયકલીંગ અને સંગીત ખુરશી તથા ધો-૧૨થી ઉપરના ભાઈઓ-બહેનો માટે સંગીત ખુરશી સ્પર્ધાનું આયોજન.

● ગણેશ મહોત્સવ નિમિત્તે રાત્રે ૮.૩૦ કલાકે 'રોયલ કા રાજા' સત્યમેવ રોયલ, સરગાસણ ખાતે ગોસ્વામી સંજયભારતી બાપુની વ્યાસપીઠે સુંદરકાંડના પાઠ યોજાશે.

### સામાજીક અને સાંસ્કૃતિક

● કોબા ગ્રામ પંચાયત ખાતે સવારે ૧૦ કલાકે બ્લડ ડોનેશન કેમ્પ યોજાશે.

## ચિલોડા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ યુકો બેંકની મુલાકાત લીધી

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર તાલુકાની ચિલોડા પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા ધોરણ ૬થી ૮માં અભ્યાસ કરતાં ૩૦



વિદ્યાર્થીઓએ નાણાંકીય સાક્ષરતા અભિયાન અંતર્ગત ચિલોડા સ્થિત યુકો બેંકની મુલાકાત લીધી હતી. આ કાર્યક્રમમાં બેંકના અધિકારીઓ તથા શાળાના શિક્ષક મેહુલભાઈ પ્રજાપતિએ બેંકની કામગીરી અંગે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા.

# જય અંબે પરિવારની પદયાત્રાનું પ્રસ્થાન





ગાંધીનગર, તા.૩

જય અંબે પરિવાર ટ્રસ્ટ દ્વારા છેલ્લા ૩૦ વર્ષથી ધાર્મિક, સામાજીક, સાંસ્કૃતિક, શૈક્ષણિક ક્ષેત્રે વિવિધ પ્રવૃત્તિઓ થઈ રહી છે. આ વર્ષે પણ મા જગદંબાની કૃપાથી મંગળવારે સવારે સે-૧૩-બીના શકિતચોકથી ૩૧મી પદયાત્રાનું પ્રસ્થાન ૨૫૦ જેટલા પદયાત્રીઓ સાથે થયું. વર્ષોની પરંપરા મુજબ નગરના અગ્રણી અને ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાન્ત જહાએ મા જગદંબાના દર્શન સાથે ભાવિકોને શુભકામનાઓ પાઠવી હતી. સંસ્થાના પ્રમુખ લલિતભાઈ છેલ્લા ચાલીસ વર્ષથી પદયાત્રા કરી રહ્યા છે તેઓ ગોઝારીયા સંઘમાંથી જતા અને તેમને આ સંસ્થાની શરૂઆત કરવાની પ્રેરણા મળી હતી. સંઘ ૪૦ પદયાત્રીઓથી શરૂ થયો હતો જેમાંથી ત્રીસ પદયાત્રીઓ હજુ પણ દર યાત્રામાં દર વર્ષે જોડાય છે.

> **સંઘ એ માઈ ભકતોની લાગણીઓનો માળો છે. એમાં સમાઈ જાઓ તો હૂંફ મળે.**
> **- લલિતભાઈ પટેલ, પ્રમુખ**

પદયાત્રા સંઘ ખ માર્ગથી ક-૭ પાસે કાન્તિભાઈ આર. પટેલના સેવા કેન્દ્ર એ પહોંચી પટેલ પાર્લર પરિવારના ધરતી ફાર્મ રાંધેજા ખાતે ભોજન પ્રસાદ ગ્રહણ કરી અંબાજીના માર્ગે આગળ વધશે.

તા. ૯મી સપ્ટેમ્બરને અગિયારસે ધૂન કિર્તન સાથે વાજતે ગાજતે પવિત્ર ધજા ચઢાવાશે. સંસ્થા દ્વારા ૧૫૦ જેટલા સ્વયંસવકો અને ૭૦ જેટલી મહિલા પદયાત્રીઓ જોડાયેલ છે. દરેક દ્વારા દિવસનું બે ટૂકડે લગભગ ત્રીસેક કિમીનું અંતર કપાશે. પદયાત્રા દરમિયાન મોખરે માતાજીની ધજા, પાછળ રથ અને 'મા'ના ગુણગાન ગાતા ભકતો વચ્ચે ચાલશે. દરેક વ્યસન કર્યા વગર પુરી શ્રધ્ધા સાથે દિવ્ય વાતાવરણમાં સાત દિવસ ભકિતમય બનશે.

સંઘ રસ્તામાં વાસન મહાદેવ, દેવીપુરા, ઉમતા, શાહુપુરા તથા દાંતા મુકામે રાત્રી મુકામ તથા ગોઝારીયા, વિસનગર, ડભોડા, નવાવાસ ખાતે બપોરનો વિરામ કરશે. સંઘ વહેલી પરોઢીયે ચાર કલાકે પ્રયાણ કરીને આશરે સવારે આઠના સુમારે બપોરના વિસામા સ્થળે પહોંચશે.

સંસ્થાના પ્રમુખ લલિતભાઈ એસ. પટેલ, ઉપપ્રમુખ અનિલભાઈ પટેલ, મંત્રી વિષ્ણુભાઈ જે. પટેલ, ખજાનચી સી.પી. પટેલ ઉપરાંત કુલ ૧૫૦ જેટલા કારોબારી સભ્યો સેવામાં જોડાશે.






સે-૩-ડી યુવક મંડળ દ્વારા યોજાયેલ ગણેશોત્સવ કાર્યક્રમમાં મેજીક શૉ યોજાયો હતો. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.



ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લીક સ્કૂલના પ્રિ-પ્રાઈમરી વિભાગમાં આજરોજ ગણેશ ચર્તુથી ઉજવવામાં આવી હતી. પારંપારીક અને સાંસ્કૃતિક રીતે ગણપતિની સ્થાપના કરવામાં આવી હતી. ગણપતિ ભગવાનના મંત્ર ઉચ્ચારણ અને આરતી કરાવવામાં આવી હતી. પાંચ દિવસ સુધી ગણપતિના આ ઉત્સવમાં સાંસ્કૃતિક કાર્યક્રમ પણ આયોજવામાં આવશે તેમજ ધામધૂમથી વિર્સજન કરવામાં આવશે.

## શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટિટયુટ ઓફ ફાર્મસીમાં એકેડેમીક એન્ડ ઈન્ડસ્ટ્રી રિસર્ચ વિષય પર એક્ષપર્ટ લેકચર યોજાયું

ગાંધીનગર, તા.૩

બાપુ ગુજરાત નોલેજ વિલેજ સંચાલિત શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટિટયુટ ઓફ




ફાર્મસીમાં તા. ૨૭-૮-૨૦૧૯ના રોજ શિક્ષણ અને ઉદ્યોગ વચ્ચે રહેલા તફાવતને દુર કરવાના હેતુથી 'ઈમ્પોર્ટન્ટસ ઓફ ઈન્ટરેકશન બીટવીન એકેડેમીક એન્ડ ઈન્ડસ્ટ્રીયલ રિસર્ચ' વિષય પર ખુબ જ રસપ્રદ એક્ષપર્ટ લેકચરનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ લેકચરમાં બાયોકિન્ડલ લાઈફ સાયન્સિસ પ્રાઈવેટ લીમીટેડના ડાયરેકટર એન્ડ ચેરમેન મિ. આશિષ દેસાઈ હાજર રહ્યા હતા. દેસાઈ સાહેબે શિક્ષણ અને ઉદ્યોગો વચ્ચે રહેલા મુખ્ય તફાવતોની રજુઆત પાવર પોઈન્ટથી કરી હતી વિદ્યાર્થીઓને આ તફાવત દુર કરવા માટેનાં રિસર્ચ તરફ કામ કરવાનું સુચન કર્યું હતું.

સમગ્ર કાર્યક્રમનું આયોજન ફાર્મસી કોલેજના આચાર્ય ડૉ. ધર્મેશ ગોલવાલા અને સમગ્ર સ્ટાફ મિત્રોએ કર્યું હતું.

# વલાદ પાસે રૂ. ૨.૫૫ લાખની લુંટ

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર શહેર-જિલ્લામાં ક્રાઈમના બનાવો દિવસે દિવસે વધી રહ્યા છે. વાહનચોરી, ઘરફોડ, મારામારી, ચઈનસ્નેચીંગ સહિતના બનાવો વધી રહ્યા છે. ત્યારે ગાંધીનગર તાલુકાના વલાદ પાસે સાંજના સુમારે ચેઈન સ્નેચીંગ તેમજ લુંટની ઘટના પ્રકાશમાં આવી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના કડાદરા ગામે રહેતા તરૂણભાઈ રમણભાઈ પરમાર (ઉં.વ.૩૮) કન્ટ્રકશનનું કામ કરે છે. તરૂણભાઈએ નોંધાવેલી ફરિયાદ મુજબ તેઓ સાંજના સુમારે વલાદ ગામના બ્રિજ પાસેથી પસાર થઈ ફિરોજપુર ગામના પાટીયાથી આગળની તરફ જઈ રહ્યા હતા તે સમયે અચાનક નંબર વિનાના બાઈક પર આવેલા બે શખ્સોએ તેઓને ઉભા રાખીને બાઈક પરથી નીચે ઉતરવા માટે જણાવ્યું હતું. બે શખ્સોમાંથી એક શખ્સે તરૂણભાઈની પીઠ પાછળ કંઈક બંદુક જેવું હથીયાર અડાડીને મારી નાંખવાની ધમકી આપી ત્યાં જ ઉભા રહેવા માટે જણાવ્યું હતું. બીજા શખ્સે તેમની બાઈકની ચાવી કાઢી લીધા બાદ ગળામાં પહેરેલો સોનાનો દોરો તોડી નાંખ્યો હતો અને હાથમાં પહેરેલી વીટી પણ કાઢી લીધી હતી.ત્યારે કોન્ટ્રાકટરને કામના આવેલા રૂપીયા ૧.૩૦ લાખ પણ લઈ લીધા હતા. ગણતરીની મિનીટોમાં બે ઈસમો રૂ.૨.૫૫ લાખની મતાની લુંટ ચલાવી ફરાર થઈ ગયા હતા.

તો બીજી તરફ આ બાઈક પર આવેલા લુંટારૂઓએ લવારપુર પાસે મહિલાના ગળામાંથી દોરાની પણ ચીલઝડપ કરી હતી. તરૂણભાઈ પીછો ન કરી શકે તે માટે લુંટારૂઓએ થોડે દુર જઈને બાઈકની ચાવી ફેંકી દીધી હતી. ત્યારબાદ બાઈક લઈને લુંટારુઓ પાછળ લીંમ્ડીયા પુલ સુધી ગયા હતા, પરંતુ કોઈ દેખાયુ ન હતું. તરૂણભાઈ લવારપુર પાછા આવી રહ્યા હતા ત્યારે નરોડા પ્રહલાદ પાર્કમાં રહેતા રામાભાઈ બબાભાઈ પરમાર મળ્યા હતા. રામાભાઈ પત્ની સાથે બાઈક પર જતા હતા, ત્યારે ચાલુ બાઈકે લુંટારૂઓએ સવા તોલાના સોનાનો દોરો તોડી ચીલ ઝડપ કરી હતી. બનાવ અંગે ડભોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ શરુ કરી છે.



અકાળે વૃધ્ધત્વ તરફ ધકેલાઈ રહેલી વર્તમાન યુવા પેઢીને પોતાની જીવનશૈલીમાં આવશ્યક પરિવર્તન માટે યોગાસનો, પ્રાણાયામ અને ધ્યાનના માધ્યમથી હંમેશા ફીટ રહેવા માટે જાગૃતતા ફેલાવવાના ઉમદા હેતુથી શહેરની સંસ્થા સ્વત્વ યોગા સ્ટુડિયો દ્વારા નિઃશુલ્ક યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નગરજનોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

# સે-૨૨ રંગમંચ ખાતે ગણેશોત્સવનો રંગારંગ પ્રારંભ









ગાંધીનગર, તા.૩

ગાંધીનગરની સ્થાપનાકાળથી સેકટર-૨૨ના રંગમંચ પર શ્રી સાર્વજનિક ગણેશોત્સવનું આયોજન થાય છે. સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ ૧૯૭૦થી પ્રતિવર્ષ લોકઉત્સવ ઉજવીને સતત ૫૦માં વર્ષે 'ગોલ્ડન જુબિલી' ઉજવીને નગરમાં આધ્યાત્મિક ચેતના, સામાજિક સમરસતા ફેલાવતા વૈવિધ્યસભર કાર્યક્રમો દ્વારા ભગવાન ગણેશજીની કૃપા પ્રાપ્ત કરે છે.

૫૦મા વર્ષે મુખ્ય મહેમાન તરીકે ગુજરાત રાજયના પૂર્વ મુખ્ય સચિવ તેમજ સોમનાથ મંદિરના ટ્રસ્ટી મા. શ્રી પી.કે. લહેરી તથા જીએનએફસીના મેનેજીંગ ડીરેકટર એમ.એસ. ડાગુર દ્વારા કાર્યક્રમનું ઉદઘાટન કરી મંગલ દીપ પ્રાગટય કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં મુખ્ય મહેમાનના વરદ હસ્તે 'વેલકમ ગણેશા' ચિત્ર સ્પર્ધાનું ઈનામ વિતરણ કરાયું હતું. આ કાર્યક્રમમાં ધારાસભ્ય સી.જે. ચાવડા પણ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમના પ્રથમ દિવસે કડી સર્વ વિદ્યાલય મંડળની ભગિની સંસ્થાઓ તેમજ ઓમલેન્ડમાર્ક એજયુકેશનના ૩૦૦ જેટલા બાળકો દ્વારા વૈવિધ્યસભર કાર્યક્રમો યોજાયા હતા. કાર્યક્રમ દરમિયાન વિવિધ કલાકારો દ્વારા રંગારંગ કાર્યક્રમ પ્રસ્તુત કરાયા હતા ત્યારે પ્રેક્ષકગણની ઘણી દાદ મેળવી શકયા હતા. સ્વચ્છતા ત્યાં પ્રભુતા, માં તે માં, દેશભકિત, વિવિધ તહેવારો, પ્રકૃતિ વગેરે જેવી થીમ આધારિત કૃતિઓ રજુ કરી હતી. આ સમગ્ર કાર્યક્રમ 'લાઈવ ગાંધીનગર' યુ ટયુબ ચેનલ પર લાઈવ કરવામાં આવ્યો હતો.

સંસ્થાના પ્રમુખ નિશિત વ્યાસે સ્વાગત પ્રવચન કર્યું હતું અને અગાઉના સર્વે વડીલ હોદેદારોનું સ્મરણ કરી તેમની સેવા બિરદાવી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. ચેતના બુચ દ્વારા કરાયું હતું તથા કાર્યક્રમની આભારવિધિ હિરેન શાસ્ત્રી દ્વારા કરવામાં આવી હતી. કાર્યક્રમને સફળ બનાવવામાં રાકેશ જાની, મિતુલ જોષી, વૈભવ જાની, મુકેશ મારુ, ઉર્પલ જોષી અને યુવરાજસિંહ રાણાનું મુખ્ય યોગદાન રહ્યું હતું.

## મુવી હાઉસ

### આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧

● **સાહો**
૯.૧૫, ૧૦.૧૫, ૧૧.૪૫, ૧૨.૫૦, ૧.૫૦, ૩.૨૦, ૫.૨૫, ૬.૫૫, ૮.૦૦, ૯.૦૦, ૧૦.૩૦

● **મિશન મંગલ**
૧૦.૪૫, ૧.૦૦, ૪.૩૫, ૭.૨૫, ૧૦.૧૫

● **બાટલા હાઉસ**
૧.૩૫, ૧૦.૧૫ રાત્રે

● **ધ એંગ્રી બર્ડસ મુવી-૨**
૩ડી હિન્દી-૯.૩૫ સવારે

### આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬

● **સાહો**
૯.૧૫, ૧૨.૫૦, ૪.૨૫, ૮.૦૦, ૧૦.૧૫, ૧.૫૦, ૫.૨૫, ૯.૦૦, ૧૧.૧૫, ૨.૫૦, ૬.૨૫, ૧૦.૦૦

● **મિશન મંગલ**
૯.૩૦

● **બાટલા હાઉસ**
૧૦.૧૫, ૧.૨૫, ૪.૨૦, ૭.૧૫, ૧૦.૦૦

### પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧

● **સાહો**
૮.૦૦, ૯.૦૦, ૧૦.૪૦, ૧૧.૪૦, ૧૨.૪૦, ૨.૨૦, ૩.૨૦, ૪.૨૦, ૬.૦૦, ૭.૦૦, ૮.૦૦, ૯.૪૦, ૧૦.૪૦, ૧૧.૪૦

● **મિશન મંગલ**
૧૦.૩૦, ૪.૩૦, ૧૦.૩૦

● **બાટલા હાઉસ**
૧.૩૦, ૭.૩૦

### સિટી પલ્સ કુડાસણ

● **સાહો**
૧૦.૩૦, ૧૧.૪૫, ૧૨.૩૦, ૨.૦૦, ૩.૧૫, ૩.૪૫, ૫.૩૦, ૬.૪૫, ૭.૦૦, ૯.૩૦, ૧૦.૧૫

● **મિશન મંગલ**
૨.૦૦, ૧૦.૦૦

● **બાટલા હાઉસ**
૪.૩૦

● **ચાલ જીવી લઈએ**
૧૧.૩૦ સવારે

● **ચાસની (ગુજરાતી)**
૭.૧૫ સાંજે

## ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજની બેઠક ગુરુવારે

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ ગાંધીનગરની માસિક બેઠક તા. ૫મી સપ્ટેમ્બરના ગુરુવારના રોજ પ્રમુખ ડાહ્યાભાઈ પ્રજાપતિના અધ્યક્ષસ્થાને સાંજે ચાર કલાકે સ્વસ્તિક કોમ્પ્લેક્ષ બીજા માળે સેકટર-૨૨, ગાંધીનગર ખાતે યોજાશે. સંસ્થાના પદાધિકારીશ્રીઓને અચુક હાજર રહેવા માટે પ્રવર મંત્રી રમણલાલ શ્રીમાળીએ જણાવેલ છે.

## ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા મંગળવારે અસ્થિ વિસર્જન કરાશે

ગાંધીનગર, તા.૩

શહેર વસાહત મહામંડળ ગાંધીનગર દ્વારા ૧૯૯૬થી અસ્થિ વિસર્જન સેવા નિઃશુલ્ક રીતે ચાલી રહી છે. તા. ૮મી સપ્ટેમ્બરના રોજ ગાંધીનગર ખાતેના અંતિમધામ ખાતે રાખવામાં આવેલ અસ્થિકુંભ લઈને વસાહત મહામંડળના મુક નિઃસ્વાર્થ સેવક ઉદયભાઈ ત્રિવેદી, પ્રદીપભાઈ સોલંકી હરિદ્વાર જશે. તા. ૧૦મી સપ્ટેમ્બરના સવારે સાત વાગે અસ્થિ વિસર્જન કરાશે.

અસ્થિકુંભની વિદાય અને સદગતોના માનમાં આઠમી સપ્ટેમ્બરે સવારે પ્રાર્થનાનું આયોજન અંતિમધામ સેકટર-૩૦ ખાતે કરાયેલ છે. જેમાં સદગતના સ્નેહીજનોને હાજર રહેવા જણાવાયું છે. સવારે ૧૦ કલાકે ગાંધીનગર રેલવે સ્ટેશનથી અસ્થિકુંભને વિદાય અપાશે.

## ચિરવિદાય

- સ્વ. રાઠોડ નિકુલજી હનુજી, ઉ.વ. ૫૯
- સ્વ. ઠાકોર સુરજબેન મોમજીભાઈ, ઉ.વ. ૫૫
- સ્વ. ખરડી અશોકભાઈ શિવચંદ, ઉ.વ. ૫૮